

## સંક્ષિપ્ત સમાચાર

### ખત્રી વિદ્યાલય બોડેલીના આચાર્ય ઉંમરફારુક ટપલાને છોટાઉદેપુર જિલ્લાના 'શ્રેષ્ઠ આચાર્ય'નો એવોર્ડ




**બોડેલી** : ગુજરાત શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ઉત્કૃષ્ટ શૈક્ષણિક તથા વહીવટી કામગીરી કરનાર શિક્ષકો, આચાર્યઓ અને કર્મચારીઓનું દર વર્ષે વિશેષ સન્માન કરવામાં આવે છે. આ ગૌરવશાળી પરંપરા અંતર્ગત વર્ષ ૨૦૨૩માં 'શ્રેષ્ઠ શાળા' તરીકે સન્માનિત થયેલ ખત્રી વિદ્યાલયના નામે વધુ એક સ્વર્ણિમ સિદ્ધિ ઉમેરાઈ છે. જિલ્લા શિક્ષણ અધિકારી (D.E.O.) શ્રીની અધ્યક્ષતામાં પાંચ સભ્યોની નિષ્ણાત સમિતિ દ્વારા વિવિધ શૈક્ષણિક અને વહીવટી પરિમાણોની ઝીણવટભરી ચકાસણી કરવામાં આવી હતી. આ પ્રક્રિયાના અંતે ખત્રી વિદ્યાલયના આદરણીય આચાર્ય ઉંમરફારુક ટપલાની 'જિલ્લાના શ્રેષ્ઠ આચાર્ય' તરીકે પસંદગી કરવામાં આવી છે. શિક્ષણ ક્ષેત્રે તેમના કુશળ નેતૃત્વ, સમર્પણ અને ઉત્કૃષ્ટ પ્રદાન બદલ આવનારી ૦૫ સપ્ટેમ્બર (શિક્ષક દિન) ના રોજ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત વિશેષ સમારંભમાં તેમનું ભવ્ય સન્માન કરવામાં આવશે. શાળાને શ્રેષ્ઠ બનાવ્યા બાદ આચાર્યને મળેલા આ વ્યક્તિગત બહુમાનથી ખત્રી વિદ્યાલય પરિવાર, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીગણમાં હર્ષ અને ગૌરવની લહેર વ્યાપી ગઈ છે.

### બોડેલી ખાતે સ્પર્ધાત્મક પરીક્ષા સેમિનાર યોજાયો : ડૉ. તનુ જૈને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી અંગે માર્ગદર્શન આપ્યું




**બોડેલી** : છોટાઉદેપુર જિલ્લામાં ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓ સહિત સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહેલા યુવાનોને યોગ્ય દિશા અને નિષ્ણાતોનું માર્ગદર્શન મળી રહે તે હેતુથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશેષ માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.બોડેલીના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર હોલ ખાતે યોજાયેલા આ પ્રેરણાદાયી સેમિનારમાં આશરે 2500 જેટલા ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા. 'સપનાથી સફળતાની સફર તરફ એક મક્કમ પગલું' થીમ હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં દિલ્હીથી આવેલા જાણીતા શિક્ષણશાસ્ત્રી અને સ્પર્ધાત્મક પરીક્ષાના માર્ગદર્શક ડો. તનુ જૈને વિદ્યાર્થીઓ અને યુવાનોને સફળતા માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. બોડેલીના સ્વામિનારાયણ મંદિર હોલ ખાતે યોજાયેલા આ વિશેષ સેમિનારમાં છોટાઉદેપુર જિલ્લા સહિત વડોદરા, નર્મદા, પંચમહાલ સહિત મધ્ય ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં યુવાનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારમાં ડો. તનુ જૈને UPSC, GPSC સહિતની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની પદ્ધતિસરની તૈયારી, યોગ્ય રણનીતિ, સમય વ્યવસ્થાપન, અભ્યાસનું આયોજન, સકારાત્મક અભિગમ અને માનસિક દ્રઢતા અંગે સરળ અને અસરકારક શૈલીમાં માર્ગદર્શન આપ્યું હતું.

### રાજીવ ગાંધીની જન્મજયંતિ નિમિત્તે ડભોઈ કોંગ્રેસ દ્વારા વૃક્ષારોપણ




**ડભોઈ** : ડભોઈ શહેર તાલુકા કોંગ્રેસ સમિતિ ધ્વારા સ્વ. રાજીવ ગાંધી ની જન્મ જયંતિ નિમિત્તે કોંગ્રેસ કાર્યાલય ખાતે પુષ્પમાળા અર્પણ કર્યા બાદ ગામ તળાવ કિનારે વૃક્ષા રોપણ નો કાર્યક્રમ કરી ઉજવણી કરી હતી. આધુનિક ભારતના સ્વપ્ન દ્રષ્ટા,ભારત રત્ન સ્વ.વડાપ્રધાન રાજીવ ગાંધી ની જન્મ જયંતિ ની ઉજવણી ના ભાગરૂપે ડભોઇ શહેર તાલુકા કોંગ્રેસ સમિતિ ધ્વારા કાર્યાલય ખાતે સ્વ.વડાપ્રધાન રાજીવ ગાંધી ની છબી ને પુષ્પમાળા અર્પણ કરી હતી.જે બાદ માં નગર ના ઐતિહાસિક ગામ તળાવ ના કિનારે વૃક્ષા રોપણ કરી ઉજવણી કરી હતી.જેમાં ડભોઇ તાલુકા કોંગ્રેસ પ્રમુખ સુધીરભાઈ બારોટ,પાલિકા પ્રમુખ પુષ્પાબેન રાવળ, કારોબારી ચેરમેન અબ્બાલભાઈ કાબાવાલા, શહેર કોંગ્રેસ પ્રમુખ સતીશભાઈ રાવળ,કોષાધ્યક્ષ ફિરોઝભાઈ ધાબાવાલા સહિત કોંગ્રેસ ના હોદ્દેદારો,કાર્યકરો અને કોર્પોરેટર ઉપસ્થિત રહ્યા હતા.

### રાયસીંગપુરામાં દીપડાના હુમલામાં મૃત્યુ પામેલી વૃદ્ધાના પરિવારને રૂ.૧૦ લાખની સહાય



**ક્વાટ** : ક્વાંટ તાલુકાના રાયસીંગપુરા ગામે દીપડાના હુમલામાં મરણ ગયેલ વૃદ્ધા ની સરકારી સહાય રૂપી દસ લાખ રૂપિયા નો વન વિભાગ દ્વારા ચેક આપવા માટે આજ રોજ રાજ્ય સભા સાંસદ અને ગામના જ વતની એવા મુકેશભાઈ રાઠવા જિલ્લા વિકાસ અધિકારી છોટાઉદેપુર જિલ્લા ફોરેસ્ટ અધિકારી ની ઉપસ્થિતિમાં સહાય રૂપી ચેક આપવામાં આવ્યો. ક્વાંટ તાલુકાનું અંતરિયાળ ગામ રાયસીંગપુરા જ્યાં થોડાક દિવસ પહેલા જ દીપડાના હુમલો કરીને એક વૃદ્ધ મહિલા પર હુમલો કરતા મરણ ગયેલ હતી હતી જેનો સહાય રૂપી વહીવટી તંત્ર દ્વારા આજ રોજ ચેક આપવામાં આવ્યો. રાયસીંગપુરાના વતની અને હાલમાં જ રાજ્યસભાના સભ્ય તરીકે જેઓની નિમણૂક થઈ છે તેવા યુવાન ઉત્સાહી મુકેશભાઈ રાઠવા તેમજ છોટાઉદેપુર જિલ્લા વિકાસ અધિકારી છોટાઉદેપુર જિલ્લા વન અધિકારી ની ઉપસ્થિતિમાં વૃદ્ધા ના ઘરના લોકોને સહાયનો દસ લાખ રૂપિયા નો વન વિભાગ દ્વારા ચેક આપવામાં આવ્યો.

### રાજીવ ગાંધી જન્મજયંતિ નિમિત્તે કરખડીમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



**પાદરા** : પાદરા તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ભારતના પૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીની જન્મજયંતિ નિમિત્તે કરખડી ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. કરખડી હાઈસ્કૂલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં કોંગ્રેસના આગેવાનો, ચૂંટાયેલા સભ્યો, ચૂંટણી લડેલા ઉમેદવારો, કાર્યકરો તેમજ સંગઠનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત આગેવાનો દ્વારા વિવિધ વૃક્ષોના રોપાઓનું વાવેતર કરી પર્યાવરણ જાળવણી અને વધુમાં વધુ વૃક્ષો વાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન સ્વ. રાજીવ ગાંધીના જીવન અને દેશના વિકાસમાં તેમના યોગદાનને યાદ કરી તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. સાથે જ વૃક્ષોનું જતન કરવાની અને પર્યાવરણને સ્વચ્છ તથા હરિયાળું રાખવાની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વડોદરા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ જશપાલસિંહ પઢિયાર, પાદરા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ હાર્દિક પટેલ (ભલાભાઈ) તથા પાદરા શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ હિતેન્દ્રસિંહ પરમાર સહિત કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

---

**ટેકનિકલ ખામી વહેલી તકે દૂર કરી અનાજ વિતરણ શરૂ કરાશે : મામલતદાર**

# વાઘોડિયા તાલુકામાં CBDC એપ બંધ થતા રાશનકાર્ડ ધારકો હેરાન, તહેવારો પર અનાજ ન મળતા દુકાનો પર હોબાળો

**૭-૮** દિવસથી ધક્કા ખાવા છતાં અનાજ ન મળ્યાની ગ્રાહકોની ફરિયાદ

(પ્રતિનિધિ) વાઘોડીયા, તા.20

વાઘોડીયા તાલુકામાં તહેવારોના સમયે સસ્તા અનાજની દુકાનો પર CBDC રજીસ્ટ્રેશનની એપ ન ખુલતા વાઘોડિયા તાલુકામાં રાશનકાર્ડ ધારકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. એપ ન ચાલવાના કારણે અનાજનું વિતરણ અટકતા અનેક દુકાનો પર ગ્રાહકોએ હોબાળો મચાવ્યો હતો. તહેવારોના દિવસોમાં અનાજ મેળવવા માટે લોકો કલાકો સુધી લાઈનમાં ઉભા રહ્યા હતા.



સરકાર દ્વારા સસ્તા અનાજની દુકાનો પર CBDC સિસ્ટમથી રજીસ્ટ્રેશન ફરજિયાત કરાયું છે. પરંતુ છેલ્લા કેટલાક દિવસથી એપ ટેકનિકલ કારણોસર ખુલતી ન હોવાથી દુકાનદારો અનાજ આપી શકતા નથી. વાઘોડિયા તાલુકાની અનેક દુકાનો પર લોકોની લાંબી લાઈનો જોવા મળી હતી. સ્થાનિકોએ જણાવ્યું હતું કે તહેવારોમાં અનાજ ન મળતાં લોકો મુશ્કેલીમાં મુકાયા છે. "રજીસ્ટ્રેશન કરાવી દીધું છે છતાં એપ નથી ખુલતી. 7-8 દિવસથી ચક્કર મારીએ છીએ પણ અનાજ મળતું નથી" એવી ફરિયાદો ગ્રાહકોએ કરી હતી.

બીજી તરફ દુકાનદારોએ પણ ના. મામલતદાર વાઘોડિયાને રજૂઆત કરી હતી જેથી સમસ્યા જલ્દી દૂર કરવામાં આવે અને સમયસર અનાજનું વિતરણ થઈ શકે. આ બાબતે ના. મામલતદારે જણાવ્યું હતું કે એપ ખુલતી નથી, જેની રજૂઆત જિલ્લામાં તેમજ રાજ્ય કક્ષાએ કરવામાં આવી છે. ટેકનિકલ સમસ્યાનો વહેલી તકે ઉકેલ લાવવા તંત્ર દ્વારા પ્રયાસો હાથ ધરાયા છે. વહેલી તકે આનું નિરાકરણ આવી જશે.

# બોડેલી રેલવે ઓવરબ્રિજ માટે માર્ગ ખુલ્લો કરાયો

**રેલવે** ફાટક બંધ થતાં સર્જાતી ટ્રાફિક સમસ્યામાંથી મળશે રાહત

(પ્રતિનિધિ) બોડેલી, તા. 20

બોડેલી શહેરમાં કરોડોના ખર્ચે તૈયાર થનારા રેલવે ઓવરબ્રિજની કામગીરીને પગલે ઓવરબ્રિજ આસપાસ માર્ગની બંને બાજુ આવેલા અડચણરૂપ દબાણો દૂર કરવાની કામગીરી શરૂ થઈ છે. તંત્ર દ્વારા દબાણકર્તાઓને નોટિસ આપવામાં આવ્યા બાદ દબાણકર્તાઓએ તંત્રની કાર્યવાહી પહેલાં જ સ્વૈચ્છિક રીતે દબાણો હટાવવાની કામગીરી હાથ ધરી હતી.

રેલવે ઓવરબ્રિજ વિસ્તાર શહેરના મહત્વના માર્ગોમાં આવતો હોવાથી અહીં દિવસ દરમિયાન સતત વાહનોની અવરજવર રહે છે. માર્ગની બાજુમાં ઉભા થયેલા દબાણોના કારણે વાહનચાલકોને અવરજવરમાં રેલવે ફાટક બંધ થતા ટ્રાફિક સમસ્યા ઉભી થવાથી સ્વર્ગીય પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી એ રેલવે ઓવર બ્રિજ ની જાહેર કર્યા બાદ લાબા સમય થી અટવાય ગયેલી કામ ગીરી ફરી ગતિ પકડતા રેલવે કામગીરી ને લઈ તંત્ર દ્વારા દબાણો દૂર કરવા નોટિસ આપવામાં આવી હતી. નોટિસ બાદ અસ્થાયી તેમજ કામગીરીમાં અડચણરૂપ સામગ્રી અને અન્ય દબાણો હટાવવામાં આવતા માર્ગનો કેટલોક ભાગ ખુલ્લો થયો છે.





**પશુપાલકોએ ઢોર જાહેર માર્ગો પર નહીં છોડવાની ખાતરી આપી**

# કરજણમાં ઢોર પકડવા ગયેલી પાલિકાની ટીમ સાથે પશુપાલકોની બોલાચાલી

(પ્રતિનિધિ) કરજણ, તા.20

કરજણ નગરમાં રખડતા પશુઓની સમસ્યા દિન-પ્રતિદિન વકરી રહી છે, જે નગરજનો માટે માથાનો દુખાવો બની ગઈ છે. જાહેર માર્ગો, સોયાસોટી વિસ્તારો અને શાકમાર્કેટ જેવી જગ્યાઓ પર રખડતા ઢોરનો અડિંગો વાહનચાલકો અને રાહદારીઓ માટે અનેક મુશ્કેલીઓ સર્જે છે. ઘણીવાર તો નાગરિકો આ ઢોરના હુમલાનો ભોગ પણ બન્યા છે, જેના કારણે ગંભીર ઈજાઓ થવાના કિસ્સાઓ પણ નોંધાયા છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, નગરપાલિકા દ્વારા છેલ્લા એક અઠવાડિયાથી નગરમાં રખડતા ઢોર પકડવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.






તાજેતરમાં, ગત રાત્રિના સમયે પાલિકાનો ઢોર ડબ્બો રખડતા ઢોર પકડી રહ્યો હતો ત્યારે એક અણધારી ઘટના બની. પશુપાલકોએ પાલિકાના એસ.આઈ. અને હાજર કર્મચારીઓ સાથે બોલાચાલી કરતાં મામલો ગરમાયો. પરિસ્થિતિ એટલી તંગ બની ગઈ કે અધિકારીઓએ પોલીસને જાણ કરવી પડી અને પાલિકાના હોદ્દેદારોને પણ ઘટના સ્થળે બોલાવવા પડ્યા. આ ઘટનાને પગલે કરજણ નગરપાલિકાના ટાઉન પ્લાનિંગ ચેરમેન અર્જુનસિંહ અટાલિયા અધિકારીઓની વ્હારે આવ્યા. તેમની સાથે પાલિકાના ઉપપ્રમુખ જયેશ પટેલ પણ મેદાને આવતા, મામલો પશુપાલકોના ગેરકાયદેસર ઓરડીઓ સુધી પહોંચ્યો. આ મામલામાં વધુ ગરમાવો ત્યારે આવ્યો જ્યારે રાતોરાત બે જેસીબી મશીન બોલાવીને ગેરકાયદેસર ઓરડીઓ પર કાર્યવાહી શરૂ કરવામાં આવી.

**મૂળ નિવાસી એકતામંચે કરજણ મામલતદારને આવેદનપત્ર આપ્યું**

# દારૂબંધી છતાં દારૂ મળે છે તો પછી છૂટ કેમ નહીં? : કરજણમાં માંગ

(પ્રતિનિધિ) કરજણ, તા.20

ગુજરાત, જેને ગાંધીની ભૂમિ તરીકે ઓળખવામાં આવે છે, ત્યાં દારૂબંધી એક લાંબા સમયથી ચાલતી નીતિ છે. જોકે, આ નીતિ કેટલી કારગત નીવડી છે તે એક મોટો પ્રશ્ન છે. તાજેતરમાં, કરજણ ખાતે મૂળ નિવાસી એકતામંચ દ્વારા ભાવનગર લઠ્ઠાકાંડના સંદર્ભમાં મામલતદારને એક અનોખું આવેદનપત્ર પાઠવવામાં આવ્યું, જેમાં ગુજરાતમાં દારૂની છૂટછાટ આપવાની માંગ કરવામાં આવી છે. આ ઘટના દારૂબંધીના અમલ અને તેના પરિણામો પર ફરીથી વિચારણા કરવા માટે પ્રેરિત કરે છે.



દારૂબંધીની વાસ્તવિકતા: આંકડા અને કડવી સચ્ચાઈ ગુજરાતને 'ડ્રાય સ્ટેટ' તરીકે ઓળખવામાં આવે છે, પરંતુ આ વાસ્તવિકતાથી ઘણું દૂર છે. આંકડા દર્શાવે છે કે અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં દારૂનો જથ્થો વધુ પકડાય છે. આ સૂચવે છે કે દારૂબંધી હોવા છતાં, દારૂનો પ્રવાહ અવિરતપણે ચાલુ છે. રોજ કરોડો રૂપિયાનો દારૂ ઝડપાય છે, જે દર્શાવે છે કે દારૂનો કાળો કારોબાર કેટલો વ્યાપક છે. આ કાળો કારોબાર માત્ર આર્થિક નુકસાન જ નથી કરતો, પરંતુ તેનાથી વધુ ગંભીર પરિણામો પણ આવે છે.

દારૂબંધીના કારણે ગેરકાયદેસર દારૂનું ઉત્પાદન અને વેચાણ વધે છે. આવા દારૂમાં ઘણીવાર ઝેરી રસાયણો ભેળવવામાં આવે છે, જે માનવ સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી હોય છે. ભાવનગર લઠ્ઠાકાંડ જેવી ઘટનાઓ આનું જીવંત ઉદાહરણ છે, જ્યાં ઝેરી દારૂના કારણે અનેક નિર્દોષ નાગરિકોએ જીવ ગુમાવ્યા. આ ઘટનાઓ દારૂબંધીના નકારાત્મક પાસાઓને ઉજાગર કરે છે. જો શુદ્ધ અને નિયંત્રિત દારૂ ઉપલબ્ધ ન હોય, તો લોકો ગેરકાયદેસર અને ઝેરી વિકલ્પો તરફ વળે છે, જે જીવલેણ સાબિત થાય છે.


# કરજણમાં ૩૭ લાખના ખર્ચે ત્રણ આંગણવાડીનું લોકાર્પણ

**હાડોદ,** ઓસલામ અને આલમપુરાના ભૂલકાઓ હવે આધુનિક સુવિધાસભર મકાનમાં ભણતર અને રમતગમતની શરૂઆત કરશે

(પ્રતિનિધિ) કરજણ, તા. 20

કરજણ તાલુકાના અંતરિયાળ વિસ્તારોમાં બાળ શિક્ષણ અને વિકાસને વધુ સુદૃઢ બનાવવાના હેતુથી ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલા કુલ ૩૭ લાખના ખર્ચે નિર્મિત ત્રણ આંગણવાડી કેન્દ્રોના નવનિર્મિત મકાનોનું લોકાર્પણ કરજણ-શિનોર-પોરના ધારાસભ્ય અક્ષય પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

કરજણ તાલુકાના હાડોદ, ઓસલામ અને આલમપુરા ગામના ભૂલકાઓ હવે નવા અને સુવિધાસભર મકાનમાં પોતાના ભણતરની શરૂઆત કરશે. આંગણવાડીમાં બાળકોને પ્રાથમિક શિક્ષણ સાથે તેમના સર્વાંગી વિકાસ માટેની પ્રવૃત્તિઓ તેમજ રમતગમતની સુવિધા પણ ઉપલબ્ધ બનશે. અંતરિયાળ ગામોના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોના બાળકોને તેમના ગામમાં જ સારું વાતાવરણ અને સુવિધા મળી રહે તે દિશામાં આ નવનિર્મિત આંગણવાડી મકાનો મહત્વપૂર્ણ સાબિત થશે. બાળકોના પાયાના શિક્ષણ, પોષણ અને શારીરિક-માનસિક વિકાસને વેગ મળે તે માટે આ સુવિધાઓ ઉપયોગી બનશે.



# શીતળા સાતમે સાંજે નાસ્તો લઈ પરત ફરતા યુવકને અકસ્માત

**રસુલાબાદ** પાસે બાઇક ચાલક અને ટ્રક વચ્ચે થયેલા અકસ્માતમાં યુવકનું ટૂંકી સારવાર બાદ મોત

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા. 20

ગઈ કાલે શીતળા સાતમની સાંજે આશરે 7:30 આઠેક વાગ્યાની આસપાસપરિવાર માટે નાસ્તો લેવા નીકળેલા યુવક ને રસુલાબાદ પાસે અકસ્માત નડતા કરૂણ મોત થી નાનકડા ગામમાં શોકની લાગણીક પ્રવત્તિ જવા પામી છે. વાઘોડિયા તાલુકામાં આજવા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવતા રસુલાબાદ પાસેની સૂર્યા નદી પાસે બ્રીજ નજીક ઈટોલી ગામના 26 વર્ષીય યુવક પરમાર રાહુલ કુમાર ઠાકોર ભાઈ શીતળા સાતમ ની સંધ્યાએ પોતાની બાઈક પર પોતાના સાત આઠ વર્ષના ભાણેજને બેસાડી જરોદથી બાળકો માટે નાસ્તો લઈ પરત ફરતા સમયે રસુલાબાદ ગામ નજીક સુર્યાનદીના બ્રિજ પાસે વાઘોડિયા તરફથી પૂરપાટ ઝડપે આવતી યમદૂત બનેલી અશોક લેલન ટ્રકે બાઈક ચાલક યુવકને અડફેટે લેતા યુવક બાઈક સહિત ટ્રક નીચે ઘૂસી ગયો હતો. ટ્રક ના તોતિંગ પૈડા યુવકના જાંઘ પર ફરી વળતા યુવક જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો હતો. જો કે આ અકસ્માત દરમિયાન આઠ વર્ષીય ભાણેજ બાઈક પરથી ફંગોળાઈ જતા તેનો આબાદ બચાવ થયો હતો. અકસ્માતના સ્થળે બાળકની ચીચીયારો સાંભળી રાહદારીઓ રોકાયા હતા.

# શિનોર અપહરણ-હત્યા કેસમાં ફરાર આરોપી ઝડપાયો

**જેલમાં** પરત હાજર થવાના બદલે આરોપી ફરાર થઈ ગયો હતો

(પ્રતિનિધિ) શિનોર, તા. 20

વર્ષ ૨૦૨૩માં શિનોર પંથકમાં મહેશભાઈ વસાવાના અપહરણ બાદ હત્યાના ચકચારી ગુનામાં સંડોવાયેલો અને વચગાળાના જામીન મેળવી ફરાર થયેલો આરોપી વડોદરા એસ.ઓ.જી. પોલીસે ઝડપી પાડ્યો છે. મળતી માહિતી મુજબ આરોપી ઘનશ્યામ ઉર્ફે ગણીયો ઉર્ફે ગણેશ જયંતિભાઈ વસાવા, રહે. માલપુર, તા. શિનોર, તેના સાગરીતો સાથે મળી મહેશભાઈ વસાવાનું અપહરણ કરી હત્યા કરી હતી. આરોપીઓએ પ્રથમ મહેશભાઈની મોટરસાયકલ સાથે અકસ્માત કર્યો હતો અને ત્યારબાદ તેનું અપહરણ કર્યું હતું. હત્યા કર્યા બાદ મૃતદેહને સગેવગે કરવા માટે શેરડીના ખેતરમાં નાખી દેવામાં આવ્યો હતો, જ્યારે મોટરસાયકલ કેનાલમાં ફેંકી દેવામાં આવી હતી. આ સમગ્ર મામલે શિનોર પોલીસ મથકે ખૂનનો ગુનો નોંધાયો હતો. આ કેસમાં આરોપી ઘનશ્યામ ઉર્ફે ગણીયાએ નામદાર ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટ, કરજણમાંથી તા. ૨૮ જુલાઈ ૨૦૨૬થી તા. ૧૬ ઓગસ્ટ ૨૦૨૬ સુધીના ૨૦ દિવસના વચગાળાના જામીન મેળવ્યા હતા.




**મોટાભાગના મોરચા પ્રમુખો બેઠકમાં હાજર ન રહેતા સંગઠનમાં ચર્ચા**

# રવિદાસ જયંતિની કળશ યાત્રાની બેઠકમાં ભાજપના હોદ્દેદારો ગેરહાજર

(પ્રતિનિધિ) કરજણ, તા.20

ગુજરાત ભારતીય જનતા પાર્ટી દ્વારા સંત શિરોમણી શ્રી રવિદાસ મહારાજની 650મી જન્મજયંતિ નિમિત્તે સમગ્ર રાજ્યમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સામાજિક સમરસતાનો સંદેશ જન-જન સુધી પહોંચાડવાના હેતુથી શહેરો, નગરો, તાલુકાઓ અને ગામેગામ કળશ યાત્રાઓ યોજવામાં આવી રહી છે.

આ અંતર્ગત કરજણ નગરમાં પણ નગર ભાજપ પ્રમુખ સહિત કાર્યકરો દ્વારા કળશ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કરજણ તાલુકાના ગામેગામ કળશ યાત્રાનું આયોજન થાય અને કળશનું વિતરણ કરવામાં આવે તે માટે કરજણ બજાર સમિતિ ખાતે ભાજપના હોદ્દેદારો અને કાર્યકરોની બેઠક યોજાઈ હતી.



બેઠકમાં વિવિધ ગામોના ભાજપના કાર્યકરો અને હોદ્દેદારોને બોલાવવામાં આવ્યા હતા. કળશ યાત્રાના હેતુ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ ગામેગામ યાત્રા યોજવા માટે કળશનું વિતરણ કરવામાં આવ્યું હતું. જોકે, આ મહત્વપૂર્ણ બેઠકમાં કરજણ તાલુકા ભાજપ પ્રમુખ બિરેન પટેલની ગેરહાજરી ચર્ચાનો વિષય બની હતી. એટલું જ નહીં, તાલુકાના મોટા ભાગના મોરચાના પ્રમુખો પણ બેઠકમાં ગેરહાજર રહ્યા હોવાની ચર્ચા છે.

બીજી તરફ, તાલુકા પંચાયતના પ્રમુખ તેમજ સંગઠનના મહામંત્રીઓ બેઠકમાં હાજર રહ્યા હતા. જોકે, તાલુકા ભાજપ સંગઠનના કુલ 16 હોદ્દેદારો પૈકી માત્ર 3થી 4 જેટલા હોદ્દેદારો જ હાજર રહ્યા હોવાની ચર્ચા ભાજપના વર્તુળોમાં ચાલી રહી છે. સંત રવિદાસ મહારાજની જન્મજયંતિ સાથે જોડાયેલા અને સામાજિક સમરસતાનો સંદેશ આપતા આ મહત્વપૂર્ણ કાર્યક્રમના આયોજનમાં સંગઠનના મોટા ભાગના હોદ્દેદારોની ગેરહાજરીને લઈને કેટલાક કાર્યકરો અને હોદ્દેદારોમાં નારાજગી હોવાની ચર્ચા છે.


# જાસપુરમાં મકાનમાંથી વિદેશી દારૂનો જથ્થા સાથે એક ઝડપાયો

**રૂ.42,835ની** કિંમતનો પ્રોહિબિશન મુદ્દામાલ પોલીસે કબજે કર્યો

(પ્રતિનિધિ) પાદરા, તા. 20

એલસીબીની કાર્યવાહી, 154 બોટલ-ક્વાર્ટર-બીયર ટીન સાથે એક શખ્સ ઝડપાયો. પાદરા તાલુકાના જાસપુર ગામમાં એલસીબી વડોદરા ગ્રામ્યની ટીમે બાતમીના આધારે દરોડો પાડી મકાનમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે કુલ રૂ.42,835ની કિંમતનો પ્રોહિબિશન મુદ્દામાલ કબજે કરી એક શખ્સને ઝડપી પાડ્યો હતો, જ્યારે અન્ય બે શખ્સો દરોડા દરમિયાન હાજર મળી આવ્યા ન હતા.

પાદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલિંગ કરી રહી હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે, જાસપુર ગામના માછીવગામાં રહેતા અંબુભાઈ સોમાભાઈ નિઝામાના મકાનમાં પ્રદીપભાઈ જગદીશભાઈ રાવળ અને દેવજીભાઈ ઉર્ફે દેવો જગમલભાઈ ચાવડા બહારથી વિદેશી દારૂનો જથ્થો લાવી સંતાડી રાખી છૂટક વેચાણ કરે છે. બાતમીના આધારે પોલીસે મકાન પર દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન અંબુભાઈ સોમાભાઈ નિઝામા હાજર મળી આવ્યા હતા. પોલીસે મકાનમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ, ક્વાર્ટર તથા બીયર ટીન મળી કુલ 154 નંગ, જેની કિંમત આશરે રૂ.42,835 હોવાનું જાણવા મળ્યું છે



### એક ક્લિકમાં પાઠ્યપુસ્તકો છાપેલી કિંમતે ઘરે પહોંચશે

ગાંધીનગર: ગુજરાતમાં ખાનગી શાળાના વિદ્યાર્થીઓ અને વાલીઓને હવે પાઠ્યપુસ્તકો મેળવવા માટે પુસ્તકની દુકાનોના ધક્કા ખાવા નહીં પડે. ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળે એમેઝોન સાથે પાઠ્યપુસ્તકોના ઓનલાઈન વિતરણ માટે સમજૂતી કરાર કરતાં મંડળ દ્વારા પ્રસિદ્ધ તમામ માધ્યમ અને ધોરણોનાં પાઠ્યપુસ્તકો એમેઝોનના માધ્યમથી ઘરે બેઠા મંગાવી શકાશે. ખાસ કરીને સ્વનિર્ભર શાળાના વિદ્યાર્થીઓને આ સુવિધાનો લાભ મળશે અને પુસ્તકો છાપેલી નિયત કિંમતે જ મળશે, તેના પર કોઈ ડિલિવરી ચાર્જ લેવામાં આવશે નહીં. શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજાની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે આ કરાર કરવામાં આવ્યો હતો. વાલીઓ અને વિદ્યાર્થીઓ એમેઝોન પરથી પોતાના ધોરણ અને માધ્યમનાં જરૂરી પાઠ્યપુસ્તકો ઓનલાઈન મંગાવી શકશે.